R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 41-42 DATE: 17-10-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## જજોની નિમણુંક બાબતે સરકારની દખલગીરીને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ઠેરવી

ન્યાયતંત્રમાં હસ્તક્ષેપ કરવા માંગતી કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ઠેરવી દીધી છે.ભારતીય જનતા પાર્ટીએ સત્તાના સુત્રો સંભાળતાની સાથે જ ન્યાયતંત્રને કબજામાં લેવા માટે ન્યાયાધીશોની નિમણુંક કરતી બે દાયકા જુની પાંચ જજોની બનેલી કોલેજીયમ સિસ્ટમને નાબુદ કરી હતી અને તેના સ્થાને નેશનલ જયુડીશ્યલ કમિશન માટે કાયદો ઘડી કાઢ્યો હતો.સુપ્રીમ કોર્ટે સીમાસ્થંભ સ્વરુપ ચુકાદામાં એનજેસીનો કાયદો ગેરબંધારણીય ઠેરવ્યો હતો.

પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે તેના ચુકાદામાં એનજેએસીને રદ કરતાં ચુકાદામાં કોલેજીયમ સિસ્ટમનું સ્થાન લેતો કાયદો ઘડી કાઢવા માટે બંધારણમાં કરાયેલ ૯૯માં સુધારાને પણ ગેરબંધારણીય ઠરાવ્યો હતો.ન્યાયમુર્તિઓ જે.એસ.કહેર,જે.ચેલમેશ્વર,એમ.બી.લોકુર,કુરિયન જોસેફ, અને એ.કે.ગોયેલની બંધારણીય બેન્ચે હાયર જ્યુડીસીયરીમાં ન્યાયાધીશોની નિયુક્તિ પર સુપ્રીમ કોર્ટે આપેલા ૧૯૯૩ અને ૧૯૯૮ના ચુકાદાને સમીક્ષા માટે લાર્જર બેન્ચને રિફર કરવાની કેન્દ્ર સરકારની અરજી પણ નકારી કાઢી હતી.પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચમાં ચારે એનજેએસી એકટ વિરુધ્ધ જ્યારે જસ્ટીસ જે.ચેલમેશ્વરે એનજેએસીની યોગ્યતા યથાવત રાખતો ચુકાદો આપ્યો હતો.

બેન્ચ વતી ચુકાદો જાહેર કરતાં જસ્ટીસ કેહરે જણાવ્યું હતું કે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ, ન્યાયાધીશો અને સુપ્રીમ કોર્ટના જજોની નિયુક્તિની પ્રણાલિ બંધારણમાં કરાયેલા ૯૯માં સુધારા પહેલાં અસ્તિત્વ ધરાવે છે.બેન્ચે જણાવ્યું હતું કે ન્યાયાધીશોની નિયુક્તિ માટેની કોલજીયમ સિસ્ટમમાં સુધારા માટે અદાલત સુચનો ઈચ્છે છે અને તે માટે ૩જી નવેમ્બરે સુનાવણી હાથ ધરાશે.

જો કે સુપ્રીમ કોર્ટના ચુકાદા પર કાયદા મંત્રી ગોવડાએ કહ્યુ હતું કે અમને ચુકાદાથી ઘણુ આશ્ચર્ય થયું છે.જનતાની ઈચ્છા અદાલત સમક્ષ રજુ કરાઈ હતી.લોકસભા અને રાજ્યસભામાં આ ખરડાને સંપુર્ણ સમર્થન મળ્યું હતું. જ્યારે જાણીતા સુપ્રીમ કોર્ટના વકીલ પ્રશાંત ભુષણે કહ્યું હતું કે રાજકારણીઓ જજોની નિયુક્તિ પર નિયંત્રણ મેળવવા માંગતા હતા, જોકે કોલેજીયમ સિસ્ટમમાં ઘણી ખામી છે.આપના નેતા આશુતોષે જણાવ્યુ હતું કે સરકારને પ્રતિબધ્ધ હોય તેવું ન્યાયતંત્ર સર્જવાના કેન્દ્રના પ્રયાસને સુપ્રીમના ચુકાદાથી મોટો ફટકો પડ્યો છે. જ્યારે રણદીપ સુરજેવાલાએ કહ્યું હતું કે લોકશાહીમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા મહત્વનું પરિબળ છે.

સુપ્રીમના ચુકાદાને આવકારતાં સિનિયર વકીલ અને રાજ્યસભાના સાંસદ રામ જેઠમલાણીએ કહ્યુ હતું કે આ ચુકાદાને કારણે લોકશાહીમાં અતિ જરુરી ન્યાયતંત્રનો દરજ્જો જળવાઈ રહ્યો છે.હુ જજોને અભિનદન આપુ છું.ભાજપના પુર્વ સાંસદે વડાપ્રધાન મોદીની ટીકા કરતાં કહ્યું હતું કે કોર્ટનો ચુકાદો મોદી માટે પણ એક પાઠ સમાન છે. કેમકે તેઓ બંધારણથી અજાણ માણસ છે.પરંતુ જે લોકોને બંધારણ સાચવવાની જવાબદારી અપાઈ છે તેમણે સારી કામગીરી કરી નથી.તેઓ તેમની ફરજથી દુર ભાગ્યા છે.

જ્યારે ભાજપના મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યુ છે કે આ કાયદો સંસદમાં સર્વાનુમતે પસાર કરાયો હતો. અને તેને ૨૦ રાજ્યોની વિધાનસભાની મંજુરી પણ મળી હતી.આ ચુકાદો સંસદના સાર્વભૌમત્વ પર કુઠારાઘાત સમાન છે.તેઓ આગામી પગલાં અંગે ટુંકમાં નિર્ણય લેશે.

કોગ્રેસ અને આમ આદમી પાર્ટીએ સુપ્રીમના ચુકાદાને આધાર બનાવી મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે તે છેલ્લા ૧૭ મહિનાથી સંસ્થાગત સ્વાયતતા અને બંધારણીય સલામતી સાથે રમત કરી રહી છે. સુપ્રીમનો ચુકાદો દર્શાવે છે કે સરકારમાં વિશ્વાસનો અભાવ છે.

દેશની અદાલતોમાં જજ્જોની નિમણુંક પધ્ધતિને કોલેજીયમ વ્યવસ્થા કહેવામાં આવે છે.૧૯૯૦માં સુપ્રીમ કોર્ટના બે નિર્ણયો બાદ આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.આ વ્યવસ્થા હેઠળ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તિના નેતૃત્વમાં બનેલી સિનિયર જજોની સમિતિ જજોના નામ અને નિમણુંકનો નિર્ણય લે છે.તેમ ટ્રાન્સફરનો પણ નિર્ણય લે છે.પ્રમોશન મેળવવા માટેનો પણ નિર્ણય કોલેજીયમ કરે છે. સરકાર કોલેજીયમ સિસ્ટમને નાબુદ કરવા માંગે છે.




પશ્ચિમી સરકારો અને મીડીયા ઓરગેનાઈઝેશનો મીડલ ઈસ્ટમાં ચાલી રહેલ સામુહિક હત્યાકાંડો બાબતે સજાગ નથી તેવું જ્યોર્જ જે.મર્લીન, ચેરમેન ,એઈડ્સ ટુ ધ ચર્ચ ઈન નીડે જણાવ્યુ હતું.તેમનું ઓરગેનાઈઝેશન સતાવણી થનારા ખ્રિસ્તીઓને મદદ આપવાનું કામ કરે છે. ક્રિશ્ચિયન પોસ્ટ સાથેની મુલાકાતમાં મર્લિને જણાવ્યુ હતું કે ઈસ્લામીક સ્ટેટના આતંકી ગ્રુપો સાથે કામ લેવાની કોઈ રીત હોય તો તે એ છે કે પશ્ચિમી દેશોએ આ નર્કમાં રહેલા લોકોને બહાર કાઢવા જોઈએ .જેમાં સીરીયા અને ઈરાકી મુસ્લીમ વિસ્તારોમાં અનેક ખ્રિસ્તી લોકો ફસાયેલા છે.અમેરિકન ખ્રિસ્તીઓએ તેમના આ ભાઈ-બહેનોના અધિકારોની ચિંતા કરવી જોઈએ. મર્લિને મિડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓની થઈ રહેલ સામુહિક કત્લેઆમ સામે વિશ્વભરના લોકોને મદદ માટે ટહેલ નાંખી છે.

## સુભાષચંદ્ર બોઝની ગુપ્ત ફાઈલો જાહેર કરવા માટે નેતાજીના પરિવારજનોને વડાપ્રધાનની ખાતરી

વડાપ્રધાનના નિવાસસ્થાને નેતાજી સુભાષચંદ્ર બોઝના પરિવારજનો સાથે એક મુલાકાત યોજાઈ હતી.નેતાજીના ૫૧ પરિવારજનો વડાપ્રધાનને મળવા આવ્યા હતા.મુલાકાત દરમિયાન વડાપ્રધાને નેતાજી સાથે જોડાયેલી તમામ ગુપ્ત ફાઈલોને સાર્વજનિક કરવાનું નેતાજીના પરિવારજનોને આશ્વાસન આપ્યું હતું.તેમણે જણાવ્યુ હતું કે આગામી ૨૩ જાન્યુઆરી,૨૦૧૬ના રોજ નેતાજીની ગુપ્ત ફાઈલો જાહેર કરાશે.તેમણે એમ પણ જણાવ્યું હતું કે ભારત સરકાર અન્ય દેશોને તેમની પાસે રહેલી આવી ફાઈલોનેજાહેર કરવા માટે જણાવશે.તેમણે કહ્યું હતું કે ઈતિહાસને લાંબો સમય દબાવી શકાય નહિ.માટે સુભાષબાબુનું મૃત્યુનું રહસ્ય જાહેર થવું જોઈએ.ઈતિરાસને તોડી મરોડી શકાય નહીં. જે દેશ પોતાનો ઈતિહાસ ભુલી જાય છે તેમનામાં ઈતિહાસ રચવાની શક્તિ ખતમ થઈ જાય છે.ફાઈલો સાર્વજનિક કરવાની પ્રક્રિયા ૨૩ જાન્યુઆરી,૨૦૧૬માં કરવામાં આવશે.

## હવે ૪૮ કલાકમાં પાનકાર્ડ મળી શકશે

નવો પરમેનેન્ટ એકાઉન્ટ નંબર(પાનનંબર)મેળવવો ખુબ સરળ બની જશે.સરકાર આ માટે નવું સોફ્ટવેર લાવી રહી છે.ઈન્કમટેક્ષ બિઝનેશ એપ્લીકેશન-પરમેનેન્ટ એકાઉન્ટ નંબર(આઈટીબીએ-પેન)નામના આ સોફ્ટવેરની મદદથી નવો પાનનંબર ૪૮ કલાકની અંદર જ જાહેર થઈ શકશે.

## તહેવારોમાં ફટાકડા ફોડવા માટેનો નિયમ લાવવા માટે સુપ્રીમ કોર્ટની વિચારણા

દિવાળીના તહેવારોમાં સાંજે પાંચથી રાત્રીના ૧૦ સુધી જ ફટાકડા ફોડવાનો સમય નક્કી કરવા માટે સુપ્રીમ કોર્ટ ગંભીર પણે વિચારી રહી છે.ચીફ જસ્ટીસ એચ.એલ.દત્તુના વડપણ હેઠળની બેન્ચે કેન્દ્રને આ સંદર્ભમાં તેના સુચનો મોકલી આપવા જણાવ્યું છે.દિવાળીના દિવસોમાં ફટાકડા ફોડવાનો સમય નક્કી કરવા માટે અને સાંજે ૭ થી ૯ સુધી જ ફટાકડા ફોડવાની છુટ આપવા અરજી કરાઈ હતી.ત્રણ બાળકો દ્વારા કરાયેલ અપીલ જેની રજુઆત તેમના વકીલ દ્વારા કરવામાં આવી હતી.સુપ્રીમ કોર્ટે ફટાકડાની માઠી અસરો અંગે પ્રીન્ટ મીડીયામાં તેમજ ઈલેક્ટ્રીનીક મીડીયામાં આ અંગે વ્યાપક પ્રચાર કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે.વિદ્યાર્થીઓમાં ફટાકડાની થતી માઠી અસરો અંગે સક્રિયપણે અને ગભીરતાપુર્વક જાગૃતિ ફેલાવવા સુપ્રીમે શિક્ષકો ફરમાન કર્યું છે.ફટાકડાને કારણે શહેરો અને નગરોમાં મોટાપાયે ઝેરી વાયુંનું પ્રદુષણ ફેલાતુ હોવાની દલીલ કરીને ત્રણ બાળકો દ્વારા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવા માંગણી કરાઈ હતી.સુપ્રીમે કેન્દ્રને જવાબ આપતા ૭ દિવસનો સમય આપ્યો છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ધાર્મિક અસહિષ્ણુતાના વિરોધમાં વધુને વધુ સાહિત્યકારો પોતાના મળેલા એવોર્ડ પરત કરતા જાય છે.પંજાબના પદ્મશ્રીથી પુરસ્કૃત મહિલા સાહિત્યકાર દિલિપકૌર તિવાનાએ પોતાનો એવોર્ડ પરત કર્યો.ત્રણ મરાઠી સાહિત્યકારોએ પોતાના પુરસ્કાર પરત કર્યા આમ દેશમાં સાહિત્ય ક્ષેત્રે સંકળાયેલા લોકોમાં કોમી હિંસા અને વાણી સ્વાતંત્રતા રુધી નાંખતા પરિબળો સામે આક્રોસ વધી રહ્યો છે.જાણીતા લેખક સલમાન રસદીએ પણ ભારતમાં વધતી જતી અસહિષ્ણુતાો વિરોધ કર્યો છે આ ઉપરાંત વિશ્વભરના સાહિત્યકારો એ પણ ભારતના સાહિત્યકારોના પગલાંને અનુમોદન આપ્યું છે.ભાજપની નેતાગીરીમાં હજુ સુધી આ બાબતે કોઈ ખાસ અસર પડી હોય તેમ લાગતું નથી.તેમના ખુશામતખોરોની સલાહ મુજબ સરકાર વર્તી રહી હોય તેમ લાગી રહ્યુ છે.જાડી ચામડીના લોકો અને જેને લોકશાહી શું કહેવાય તેની સમજ ના હોય તેવા નેતાઓ સત્તા પર ચઢી બેસતાં હવે પરિસ્થિતિ દિવસે દિવસે ગંભીર બની રહી હોય તેમ લાગી રહ્યું છે.જો કે આને અચ્છ દિન કહી શકતા હોય તો તેઓ કહી શકે.

ચુંટણીઓમાં મંદિર મસ્જીદનો મુદ્દો અનેક વખત ચાલ્યો અને હિંદુત્વની લહેરને કારણે ચુંટણીઓ જીતાઈ પરંતુ હવે આ મુદ્દો લાંબો ચાલી શકે તેમ નથી. રાજ્યોની ચુંટણીમાં વિકાસનો મુદ્દો પણ એટલો મજબુત નથી. તેથી આ વખતે ગૌમાંસને મુદ્દો બનાવીને હિંદુ લોકોની લાગણીઓ અને શ્રધ્ધામાં મત ઓળવી લેવાનું ભારતીય જનતા પાર્ટીએ મુનાસિબ માનીને ગૌમાંસનુ કાર્ડ ખેલવામાં આવ્યુ છે.જો કે આ કાર્ડ દ્વારા રાજકીય આખલાઓ ચુંટણીની વેતરણી પાર કરી જાય છે કે નહી તે ચુંટણી પતે પછી ખબર પડશે.

## મંતવ્ય

ભારતીય જનતા પાર્ટીના નેતાઓને દેશના બંધારણ અને તેમણે ચુંટાયા બાદ બંધારણને વફાદાર રહેવાના સોગંદ લેવાના હોય છે.સહુ પ્રથમ તો દેશનું બંધારણ છે તે ચુટાયેલા સભ્યોને બરાબર ભણાવવા માટે ભાજપે શિબિરો યોજીને તેમના નેતાઓ અને કાર્યકર્તાનો શિક્ષણ આપવું જોઈએ.એવું કેમ લાગી રહ્યું છે કારણકે છેલ્લા કેટલાક સમયથી ભાજપના કેટલાક નેતાઓએ જે રીતે પોતાના નિવેદનો જાહેરમાં કર્યા તે ઉપરથી એમ લાગી રહ્યું છે કે તેમને બંધારણ અંગેનુ જ્ઞાન સીમીત છે કાં તો નથી.

તાજેતરમાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે કરેલા નિવેદનો તરફ નજર કરીએ તો તેમણે કહ્યું કે મુસ્લીમોએ ગૌમાંસ તો છોડવું જ પડશે અને જો તેમ ન કરે તો તેમણે દેશ છોડવો પડશે.સહુ પ્રથમ તો બંધારણમાં નાગરિકી અધીકારો બાબતનું જ્ઞાન મુખ્યમંત્રી જેવાને ન હોય તો પછી શું કહેવાનું.દેશનું નાગરિકત્વ ખોરાક દ્વારા નક્કી કરવામાં આવતું નથી. તેમજ કોઈપણ રાજ્ય સરકાર દેશના નાગરિકને શું ખાવું અને શું ન ખાવું તે બાબતે હુકમ ન કરી શકે.

ઈન્ડીયન એકસપ્રેસને આપેલ ઈન્ટરવ્યુંમાં તેમણે આ બાબત જણાવેલી.ત્યારબાદ જ્યારે તેમને એવી ખબર પડી કે હવે તેમની ફજેતી થશે એટલે તેમણે ફેરવી તોળ્યું કે મારુ નિવેદન તોડી મરોડીને રજુ કરાયુ છે.પરંતુ તેમની ટેપ તેમને સંભળાવ્યા બાદ તેમને કરેલ ભુલ તેમને સમજાઈ.મોદીને વિકાસની વાતો પર મત મળ્યા અને ચુંટણી જીત્યા.પરંતુ તેમના સાથી કાર્યકરોને એવું લાગી રહ્યુ છે કે તેમને તેમની મનમાની કરવા માટે જ સત્તા આપવામાં આવી છે.ભાજપના નેતાઓ બોલવામાં એકદમ શુરા છે.તેમને એવુ લાગે છે કે તેમની પીપુડી વાગી ગઈ તો ઠીક નહિતર પછી મીડીયામાં ફરી જવાનુ.અથવા માંફી માંગી લેવાની. પરંતુ આ બધાથી વ્યક્તિગત તો આબરુ જાય છે પરંતુ પક્ષ અને તેમના નેતાઓની આબરુના ધજાગરા દેશ અને વિદેશોમાં થાય છે.ભારતીય જતતા પાર્ટીએ દેશના મતદારોને વિકાસ માટે આપેલ વિશ્વાસનો ભંગ ના ધાય તે જોવાની જવાબદારી અને જવાબદેહી છે.આશા રાખીએ તેમાં તેઓ પાર ઉતરે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


અનું. પાન નં. ૪ નું ચાલુ

ગયેલ ગીરની ગાયની સંખ્યા આજે બ્રાઝિલમાં ૩૦ લાખ જેટલી છે.જ્યારે ભારતમાં માંડ ૨૦ હજાર જેટલી છે.બ્રાઝિલ ગીરની ગાયની અમેરિકામાં નિકાસ કરીને વિદેશી હુંડિયામણ કમાય છે.હવે તો ગીરની ગાય તરફ ચીનની પણ નજર પડી છે.જ્યારે આપણે માટે ગીર ગાય બચાવ અભિયાન ચલાવવાના માઠા અને કમનસીબ દિવસો આવ્યા છે.બ્રાઝિલમાં નાણાંના ચલણમાં ગીરની ગાયનો સિક્કો છે.આવું જ કાંકરેજ ગાયનું છે.આ બંને શુધ્ધ ગાયોની માવજત સંવર્ધન થાય તો જર્સી ગાયની પણ ૮૦ જાત લુપ્ત થઈ છે. આમ આપણે ગાયની ભક્તિ કરવામાં પડ્યા છીએ પણ ગાય પ્રત્યેની કર્તવ્યની ઉપેક્ષા કરી.ખેતીમાંથી બળદ ગયા. ટ્રેકટર પર સબસીડી મળે.પણ ગાય ખરીદવા સબસીડી આપવાનું કોઈને સુઝતું નથી.ગાય અને બળદોનું જેવું જતન થવુ જોઈએ તેવું થયું નથી.આજની સ્થિતિ ગાયો પ્લાસ્ટીકના અને કાગળના ડુચા ચાવીને જીવે છે.આપણે એ ના ભુલવું જોઈએ કે ગૌમાંસનો મોટો નિકાસકાર દેશ આજેય ભારત છે.ગાયને નામે લડવાને બદલે શાકાહારી બનવાની ઝુંબેશ ચલાવવાનું કોઈને સુઝતું નથી.દેશમાં ૩૧ ટકા લોકોજ શાકાહારી છે.એક માણસના ઘરમાંથી ગૌમાંસના નામે હત્યા થઈ પણ એફએસએલ તપાસમાં તે ગૌમાંસ નહોતું.હવે જેની હત્યા થઈ તેને પાછો કેવી રીતે લાવવો.તેનો પુત્ર દેશની રક્ષા માટે હવાઈ દળમાં સૈનિક છે અને પરિવાર પર આટલું વિતવા છતાં કહે છે કે સારે જહાંસે અચ્છા હિંદુસ્તા હમારા. ગાય તો બીજાને જીવાડે છે તેના કારણે કોઈની હત્યા તો ખુદ ગાયના આત્માને દુઃખ પહોચાડે તેવી બાબત છે.

આપણા રાષ્ટ્રપતિએ સાચુજ કહ્યું કે ગાય અને ધર્મ સત્તા મેળવવાના હથિયાર બની ગયા છે. સત્તા મેળવવા ધર્મનો મુખવટા તરીકે ઉપયોગ ન થવો જોઈએ.વડાપ્રધાને મોડે મોડે પણ કહ્યું કે રાજકીય નેતાઓના નિવેદનો પ્રજાએ ધ્યાનમાં ન લેવા જોઈએ.હિંદુ-મુસ્લીમ મળીને ગરીબી સામે લડે.

નેતાઓ ઠાલી વાતો કરવાને બદલે ગાયો પાળી બતાવે. ગો સંવર્ધન, ગોપાલન,ગોચિકિત્સા જેવા ક્ષેત્રોનો સરકાર વિકાસ કરે. ગાય માટે સબસીડી અને ગોચરની વ્યવસ્થા કરાય. શાકાહારના પ્રચારનુ ઘનિષ્ઠ અભિયાન હોય અને સફાઈની જેમ ચલાવાય. મીડીયા પણ ગોપાલન કે ગોસુરક્ષાનું કામ કરતાં લઘુમતિઓ અને મુસ્લીમ બાદશાહોની ઐતિહાસિક વાતો પ્રજા સમક્ષ મુકે. પ્રજા પણ ગાયના નામે નિર્દોષની હત્યા કરવાની માનસિક વૃત્તિમાંથી બહાર આવે એ જ રીતે જાહેરમાં ગૌમાંસ ખાવાની ઉજાણી પણ અટકવી જોઈએ.રાજ્ય સરકારો ગૌહત્યાના કાનુનનો ઢીલો પોચો નહી, પણ કડક રીતે અમલ કરે અને રાજકીય પક્ષો મંદિર-મસ્જીદની જેમ ગૌમાંસના પ્રશ્ને રાજકીય રોટલા શેકવાનુ બંધ કરે તથા હિંદું-મુસ્લીમ પ્રજા ગાયના પ્રશ્ને પરસ્પરની ધાર્મિક ભાવનાને સમજીને આદર કરે.

મણિલાલ.એમ.પટેલ(સૌ.સંદેશ)

# ઇસ્લામીક સ્ટેટ ટેરરીસ્ટ ગ્રુપની આઇડ્યોલોજીમાં સંમત નહી થનાર માટે મોતની સજા નિશ્ચિત ગણાય છે



(આ ચર્ચની બિલ્ડીંગને ટોર્ચર ચેમ્બરમાં ઈસ્લામીક સંગઠન દ્વારા ફેરવી નંખાયું છે.)

ક્રિશ્ચિયન હ્યુમનેટીયમ ઓરગેનાઈઝેશનના વડાએ રીપોર્ટ કર્યો હતો કે ઈસ્લામીક સ્ટેટ ટેરરીસ્ટ ઓરગેનાઈઝેશન દ્વારા ચર્ચ બિલ્ડીગો કબજે કરીને તેને ટોર્ચર ચેમ્બર્સમાં ફેરવી નાંખવામાં આવે છે.અને તેમાં ઈરાકી ખ્રિસ્તીઓને ખ્રિસ્તનો નકાર કરવા માટે મજબુર કરાય છે.સાથે સાથે ઈસ્લામ કબુલ કરવા માટે વિવિધ જાતની શારીરીક પીડાઓ આપવામાં આવે છે.

ક્રિશ્ચિયન ફ્રીડમ ઈન્ટરનેશનલ,વીરજીનીયા બેઝ એડ ઓરગેનાઈઝેશન જે ખ્રિસ્તીઓને જે દેશોની અંદર સતાવણી કરવામાં આવે છે ત્યાં તેમની જરુરીયાતો પુરી પાડે છે તેમણે આ બાબતનો એક નવો વીડીયો જાહેર કર્યો છે જેમાં અનેક ખ્રિસ્તીઓની સતાવણી કરવામા આવી રહી છે અને તેમના વિશ્વાસને લીધે તેમને મારી નાંખવામાં આવ્યા છે.આ વીડીયોમાં બતાવવામાં આવ્યું છે કે વિશ્વના ૨૦૦ મીલીયન ખ્રિસ્તના અનુયાયીઓ સતાવણી ભોગવી રહ્યા છે. વિશ્વના ૧૯૬ દેશો પૈકીના ૧૦૫ દેશોના ખ્રિસ્તીઓ સતાવણીના ભોગ બન્યા છે.વીડીયોમાં બતાવાયેલા સ્ટેસ્ટેટીક પ્રમાણે દરેક પાંચ મીનીટે વિશ્વમાં એક ખ્રિસ્તી વ્યક્તિ સતાવણીનો ભોગ બને છે.સીએફઆઈના રીપોર્ટ મુજબ જે આંકડાઓ બતાવવામાં આવ્યા છે તે મુજબ ૨૦ અને ૨૧મી સદીમાં વધારે પ્રમાણમાં ખ્રિસ્તીઓ સતાવણીનો ભોગ બન્યા છે. ૧૯મી સદીના આંકડાઓને ગણતરીમાં લેતા ૨૦ અને ૨૧મી સદીમાં સતાવણીના આંકડાઓ ખુબજ વધારે છે.

૨૦૧૪બાદ ઈસ્લામીક સ્ટેટ ટેરરીસ્ટ ગ્રુપ દ્વારા ઈરાક અને સીરીયાના બહુધા પ્રાંતો પર કબજો જમાવાયો છે.આમાં કેટલાક ખ્રિસ્તી નગરોનો પણ સમાવેશ થાય છે.આ ગ્રુપ દ્વારા તેમની આઈડોલોજીમાં સંમત નહી થનાર કોઈપણ વ્યક્તિ હોય તો તેની હત્યા કરી દેવાય છે.જેઓ ઈસ્લામ સ્વીકારવા તૈયાર થતા નથી તેમની પણ હત્યા કરી દેવાય છે.




## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ભારતમાં ભાજપની સરકાર આવ્યા બાદ લઘુમતિઓની સતાવણીના આંકડાઓ વધ્યા છે :સીએસએફનો રીપોર્ટ

છત્તીસગઢ ભારતનું પ્રથમ મુખ્ય રાજ્ય છે કે જેમાં ૨૦૧૪ દરમિયાન સૌથી વધુ ખ્રિસ્તીઓની સતાવણીની ઘટનાઓ ઘટી છે.ત્યારબાદ મહારાષ્ટ્રનો નંબર આવે છે.ત્યારબાદ નવું હિદુત્વની ભારતના મુખ્ય નગર તરીકે મધ્યપ્રદેશનો ક્રમ આવે છે.વાર્ષિક રીપોર્ટ કે જેનું ટાઇટલ આપવામાં આવ્યું છે તે મુજબ ઇન્ડીયન ક્રિશ્ચિયન પરસીક્યુશન-સીએસએફ રીપોર્ટ,જેને પ્રકાશિત મુંબઇ સ્થિત કેથોલકીક સોશ્યલ ફોરમ દ્વારા કરવામાં આવ્યોછે. અને જેમાં ચેરમેન તરીકે જસ્ટીશ માઇકલ સલધાનાએ સહી કરી છે.તેઓ મુંબઇ હાઇકોર્ટ તથા કર્ણાટક હાઇકોર્ટના જજ રહી ચુક્યા છે.જોસેફ ડાયસ કે જેઓ સીએસએફના પ્રણેતા છે તેમના જણાવ્યા પ્રમાણે પ્રથમ દસ રાજ્યો જેમાં ૨૦૧૪ દરમિયાન ખ્રિસ્તીઓની સતાવણી કરવામાં આવી હતી.

૧. છત્તીસગઢ ૨. મહારાષ્ટ્ર ૩.મધ્યપ્રદેશ ૪. ઉત્તર પ્રદેશ ૫. કર્ણાટક ૬. ઓડીસા ૭.કેરાલા ૮. આંધ્રપ્રદેશન ૯. તામીલનાડું અને ૧૦. દિલ્હી.આ રાજ્યો બાદ બિહાર, પંજાબ, હરિયાણા, ઝારખંડ,ઉત્તરાખંડ,વેસ્ટ બેંગાલ, ગુજરાત,આસામ અને બીજા કેટલાક રાજ્યો આવે છે.

આ રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે પાંચ વ્યક્તિઓના કરપીણ મોત નિપજાવવામાં આવ્યા હતા. અને ૭૦૦૦ જેટલા ખ્રિસ્તીઓની સતાવણી કરવામાં આવી હતી.જેમાં ૧૬૦૦ મહિલાઓ અને ૫૦૦ બાળકોનો સમાવેશ થાય છે.જેમાં ૩૦૦ ધાર્મિક કાર્યકર્તાઓ અને સામાજીક નેતાઓનો પણ સમાવેશ થાય છે.

છત્તીસગઢ કે જે સતાવણી કરનાર રાજ્યોમાં પ્રથમ ક્રમે છે.જેમાં કેટલાકને પોતાનો વિશ્વાસ બદલવાનો હઠાગ્રહ કરવામાં આવ્યો અને તેમ નહી કરતાં તેમના અન્ય સગાઓની મિલકતો સળગાવી દેવા ફરજ



પાડવામાં આવી.હિદુ કટ્ટરવાદીઓ દ્વારા જ્યાં ખ્રિસ્તીઓ પ્રાર્થના કરી રહ્યા હતા ત્યાં હુંમલો કરવામાં આવ્યો અને પોલીસે ત્યાના પાદરીઓ વિરુધ્ધ ફરિયાદ નોધી.હિંદુઓના તહેવારો નિમિત્તે ફંડફાળો આપવા ખ્રિસ્તીઓએ મનાઇ કરતાં ખ્રિસ્તી મિશનરીઓને આ વિસ્તારોમાં આવવા જવા પર ગ્રામસભા દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો. બસ્તર,ભિલાઇ,દુર્ગ,જગદલપુર અને મહાસમુન્દ વિસ્તારમાં આવેલા ખ્રિસ્તીઓના ચર્ચો તોડી પાડવામાં આવ્યા.અને આ દુષ્કૃત્યો માટે ખ્રિસ્તીઓની જ ધરપકડ કરાઇ.

મહારાષ્ટ્ર તો હિંદુત્વનું પાટનગર બની ગયું છે.મહારાષ્ટ્મમાં રીઝર્વેશન લીસ્ટમાંથી ખ્રીસ્તીઓને કાઢી નંખાયા છે. જ્યારે મુસ્લીમ અને મરાઠાઓનો સમાવેશ ચાલુ છે.મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ખ્રિસ્તીઓની સતાવણી બાબતે સીએસએફ દ્વારા ઘટતી કાર્યવાહી કરવામાં આવી હતી.રીપોર્ટમાં જણાવ્યા મુજબ મુંબઇ મ્યુનીસીપલ કોરપોરેશન દ્વારા ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓને તેમજ ચર્ચોને નિશાન બનાવાયા છે. ખ્રિસ્તી મિશનરીઓ, પાદરીઓ, નન્સ વિગેરેને પણ વારંવાર સતાવણીનો ભોગ બનવું પડ્યું છે.

પરસીક્યુશન વોચડોગ ઓપન ડોરર્સ -૨૦૧૫, વર્લ્ડ વોચ લીસ્ટ મુજબ વિશ્વમાં ખ્રિસ્તીઓની સતાવણી કરનારા દેશોના લીસ્ટમાં ભારતનો નંબર ૨૧મો છે.ઇજીપ્તનો ૨૩ અને મ્યાનમારનો ૨૫ છે.

ક્રુર સતાવણીના મામલે ભારતના વડાપ્રધાન મોદીને અપીલ કરવામાં આવી છે કે દેશની હાલની પરિસ્થિતિમાં જે રીતે ધાર્મિક લઘુમતિઓની સતાવણી થઇ રહેલ છે તે બાબતે તેઓ ધ્યાન આપે.અને તેને રોકવા માટેના કડક ઉપાયો લે. ભારતના ખ્રિસ્તીઓ પૈકીના કેટલાકે મોદીની તરફેણમાં મત આપ્યાછે.અને ભાજપના પક્ષ બાબતે પોતાનો વિશ્વાસ પ્રગટ કર્યો છે.પરંતુ બની રહેલ ઘટનાઓને કારણે આ વિશ્વાસ ડગી રહ્યો છે.જ્યારે ભારતનો મજબુત વિકાસ થાય તે દિશામાં પ્રયત્નો થઇ રહ્યા છે ત્યારે અમો વડાપ્રધાનનુ ધ્યાન દોરવા માંગીએ છીએ કે લઘુમતિઓનું પણ દેશના વિકાસમાં મોટુ પ્રદાન છે અને તેમની તરફ જે વર્તન થઇ રહેલ છે તેને તાત્કાલિક સુધારવું જરુરી છે.અમો દેશ પ્રત્યે અને તેના વિકાસ માટે પુરતુ યોગદાન આપીએ છીએ તેથી સાનુકુળ વાતાવરણ પેદા થાય તે જોવાનું કામ સરકારનું છે.તેથી વડાપ્રધાન મોદીને અમારી વિનંતી છે કે લઘુમતિઓના હક્કો અને તેના રક્ષણ માટે યોગ્ય પગલાં લેવામાં આવે.ખાસ કરીને ખ્રિસ્તીઓ તે માટે આગ્રહી છે.ખ્રિસ્તીઓએ દેશના વિકાસમાં અગ્રેસર ફાળો આપ્યો છે અને ભવિષ્યમાં પણ આપશે.

# રાંધણગેસની ચોરી અટકાવવા માટે સરકાર પારદર્શક સિલિન્ડર લાવશે

કેન્દ્ર સરકાર એલપીજી સિલિન્ડને પારદર્શક બનાવવાની યોજના ઘડી રહી છે.આ અંગે ટુંક સમયમાં જ જાહેરાત કરવામાં આવશે.ગેર લીકેજ અને ચોરીને અટકાવવા માટે સરકારે આમ કરવાનો નિર્ણય કર્યો છે.ગ્રાહકો જોઇ શકશે કે તેમના ઘરે આવેલા ગેસના બાટલામાં પુરેપુરો ગેસ છે કે નહી.અધિકારીઓનું કહેવું છે કે બેંકખાતામાં સબસીડીના નાણાં સીધા જ જમા કરવવા અને સબસીડી સરેન્ડર સ્કીમ બાદ સર્વીસ સુધારવાની દિશામાં આ એક પગલું છે.તેનાથી ગ્રાહકોને ખાસ્સો ફાયદો થશે.પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે તેમના અધિકારીઓ આ યોજનાને લાગુ કરવા માટે કામ કરી રહ્યા છે.માર્ચ ૨૦૧૬ થી આ યોજના લાગુ થઇ શકે છે.શરુઆતમાં પારદર્શક સિલિન્ડરને આયાત કરવામાં આવશે. જુના સિલિન્ડર ગામડાઓમાં ઉપયોગમાં લેવામાં આવશે.

# ભારતમાં અભિવ્યક્તિ સ્વાતંત્રતા ખતરામાં છે : પાકિસ્તાન દૈનિક

પાકિસ્તાનના એક જાણીતા સમાચાર પત્રમાં ભારતની સ્વતંત્રતા પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે.આ સમાચાર પત્રએ પોતાના સંપાદકીયમાં લખ્યું છે કે કટ્ટરવાદી વિચારસરણીનો ભારતમાં ઉદય થવો એ ઝેરીલી અસર પેદા કરી શકે છે.આ ભારતની અખંડિતતા અને એકતા માટે પડકારરુપ છે. ભારતમાં અસહિષ્ણુતા શીર્ષક હેઠળ લખવામાં આવેલા લેખમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક કટ્ટરવાદી વિચારસરણી ધરાવતા લોકોને કારણે ભારતમાં અભિવ્યક્તિની આઝાદી ખતરામાં આવી ગઇ છે.

ભારતના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી સિવાય ભાજપના એક પણ નેતાએ મુંબઇમાં જે કંઇ બન્યું તેની ટીકા કરી નહોતી.આ સમાચારપત્રએ ભારતના સાંસ્કૃતિક વારસાનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે હાલમાં ઘટેલી ઘટનાઓ ભારત માટે મોટા ખતરાનો સંકેત છે.આ સાથે જે તેણે વૈચારિક ટીપણી કરતાં કહ્યું કે ભારત પોતની વિવિધતા અને એકતા જાળવી રાખે તે જરુરી છે.ગત દિવસોમાં પાકિસ્તાની હસ્તીઓ સાથે થયેલા દુવ્યવહારને મામલે પાકિસ્તાન દૈનિકે આ લેખ લખ્યો છે. પાકિસ્તાની ગાયક ગુલામઅલીના મુંબઇના કાર્યક્રમને શિવસેના દ્વારા વિરોધ અને શિવસેના કાર્યકર્તાઓ દ્વારા પાકિસ્તાનના પુર્વ વિદેશ મંત્રી ખુરશીદ કસુરીના પુસ્તકના વિમોચનમાં સુધીર કુલકર્ણીના મો પર મેશ ચોપડવાની ઘટનાઓને કારણે ઘણો મોટો વિવાદ સર્જાયો હતો.

# સ્વાસ્થ સાથે ચેડા કરતી ડેરીઓમાં જ દુધમાં મોટેપાયે થતી ભેળસેળ

દુધનો જથ્થો વધારવા માટે ગુજરાતની અને ડેરીઓ લોકોના સ્વાસ્થને હાની પહોચે તે સ્તરે દુધમાં યુરીયા સહિતના હાનિકારક પદાર્થોની ભેળસેળ કરતી હોવાથી એકાએક દુધનો જથ્થો વધી જતો હાય તેવી ડેરીઓ સામે ઓડીટ કરવા માટે ગુજરાત સરકારના સહકાર ખાતાએ સરક્યુલર બહાર પાડ્યો છે.

દુધાળા પશુઓની સરખામણીએ કોઇ ચોક્કસ સમયગાળામાં અથવા તો કાયમી ધોરણે કોઇ ડેરીનું દુધનું ઉત્પાદન વધી જાય,દુધનો જથ્થો સુસંગત કે તર્કસંગત ન લાગતો હોય તેવા કિસ્સામાં ઓડિટરોને ઓડિટ હાથ ધરવા સહકાર ખાતાએ આદેશ આપ્યો છે.જો દુધમાં મોટાપાયે ભેળસેળ થતી હોય તો તેવી ડેરીઓની બ્રાંડ બાબતે સહકાર ખાતએ તાત્કાલિક જાહેર કરવું જોઇએ અને તેવી ડેરીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં લેવા જોઇએ. જો કે મોટાભાગની ડેરીઓનો વહીવટ રાજકીય નેતાઓના હસ્તક હોય છે. તેથી કોઇપણ સત્તા કે રાજકીય નેતાઓની શેહશરમ રાખ્યા વગર ભેળસેળ અટકાવવા ખાતાઓએ કામગીરી કરવી જોઇએ


પ્રભુ કૃપાથી
ઇઝરાયેલ ટુર -૨૦૧૫
નું આયોજન કરેલ છે.
દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે.
આ ટુરમાં આપ જોઇ શકશો

IN THE FOOTESTED OF JESUS

HOLYLAND TOUR

ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.

Tour Date 11 November,2015

પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૯૦૦૨૪
મોબાઇલ ને. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *

પેકેજ પ્રાઇસમાં સામેલ છે.
એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે.
અન્ય કોઇ છુપો ખર્ચ નહિ.
ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.

# ધાર્મિક ઉન્માદ અને દેશની ધર્મનિરપેક્ષતા પર હુમલા દુર્ભાગ્યપુર્ણ છે

ઉત્તરપ્રદેશના બિસાહડાના દાદરી ગામમાં ગૌમાંસ ખાવાની અફવા ફેલાઈ અને લોકોએ પથ્થરમારો કરી મુહમંદ ઈકબાલની હત્યા કરી નાંખી. તેના પુત્રને એટલો માર માર્યો કે વેન્ટીલેટર પર રાખવો પડ્યો.દાદરીની ઘટનાને ગૃહમંત્રાલયે ધાર્મિક ઉન્માદ અને દેશની ધર્મનિરપેક્ષતા પર હુમલા અંગે શું કરવું જોઈએ તેની અસંમજમાં પડી હતી.આખરે ગૃહમંત્રીએ દોષનો ટોપલો રાજ્ય સરકાર પર ઢોળી દીધો,અને કહ્યું કે કાયદો અને વ્યવસ્થાની જવાબદારી રાજ્ય સરકારની છે.જો કે રાજ્ય સરકારે આ બાબતે કડક કાર્યવાહી કરવી જોઈએ.ટોળાએ અફવાથી પ્રેરાઈને પુત્ર-પત્ની ની નજર સામે પતિની હત્યા કરી નાંખી તેનો ગૃહમંત્રાલયે દુર્ભાગ્યપુર્ણ ગણાવી પરતં તેને બર્બર,અમાનવીય,ક્રુર,નિર્દયી, ઘાતકી કહેવી જોઈએ.કોઈપણ સભ્ય દેશમાં આ સ્વીકાર્ય ના હોઈ શકે.અને ભારતમાં તો બિલકુલ નહી.બિહારની ચુંટણીને કારણે ગૌમાંસનો મુદો ચુંટણી મુદ્દો બનાવાયો છે.અને તેના કારણે રાજકારણીઓ વધુ બેજવાબદાર બન્યા છે.નફરતના રાજકારણ સામે કેન્દ્ર અને ગૃહમંત્રાલય કશું જ કરી શક્યું નથી.અને તેના સાથી પરિબળોને રાજકારણ રમવાની ખુલ્લી છુટ અપાઈ છે.સરકાર બદલાઈ સાથે અનેક ક્ષેત્રોએ વાતાવરણ બદલાઈ ગયું છે.અનેક પરિબળો બેફામ બનીને રોડ પર આવી ગયાં છે.બાજપાઈની સરકાર વખતે આવું બન્યું પરંતુ તત્કાલ તેના પર નિયંત્રણ લાદી દેવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદી અમેરિકાના પ્રમુખને પોતાના મિત્ર ગણાવ્યા હતા તેમણે મોદીને જાહેરમાં કોમી સદભાવની સલાહ દેવી પડી હતી.હવે પરિસ્થિતિ વધુ વણસી છે.દેશમાં અશાંતિ અને અંજપો વધી રહ્યા છે.ગૌમાંસ ક્યાં છે તેની જાહેરાત મંદિરના લાઉડ સ્પીકરથી થઈ. આવી સુચનાઓ મંદિરના લાઉડ સ્પીકરથી ક્યારેય આપવામાં આવી નહોતી.પ્રથમ વખત મંદિરનો દુરપયોગ થયો છે.

આવા બનાવોને કારણે દેશ બહાર પણ ભારતની છબી ખરડાઈ છે.ઘરની બહાર વ્યક્તિને ઘસડી જઈને મારી નાંખવી તે કેવું કહેવાય.દેશ અને ધર્મ બંનેની સ્થિતિ કથળી છે.ધર્મના ઠેકેદારો નફરત ફેલાવી રહ્યા છે.ધર્મનું મુળ દર્શન જ સહિષ્ણુતાનું છે.તાજેતરમાં રાષ્ટ્રપતિએ આ બાબતે એક ઉમદા વ્યક્તત્વ આપ્યું હતું. વિશ્વમાં આપણી છાપ બગડતી જાય છે.દાદરી ઘટનામાં ૧૦ દોષિત છે તેમાંથી ૭ એક ભાજપના નેતાના સબંધી છે. પક્ષની દિશા અને દશા બગડી રહી છે.પક્ષના નેતાઓએ આ બાબતની કડક નિંદા કરવી જોઈએ.ગેરસમજ આટલી હદે ના હોઈ શકે.આવી ઘટનાઓને કારણે હવે લોકો ભાજપની વિમુખ જવા લાગ્યા છે.વિરોધપક્ષની જરુર નથી. પક્ષના લોકોજ પક્ષની આબરુનું લિલામ કરી રહ્યા છે.ભાજપના કેટલાક નેતાઓજ ભાજપની છબી બગાડવામાં ગુનેગારની ભુમિકા ભજવી રહ્યા છે.જનાદેશની ક્રુર મશ્કરી તેમના દ્વારા થઈ રહી છે.દેશનો વિકાસ કરીને તેને શિખર પર લઈ જવા કોશીશ કરી રહેલાઓ માટે આ શક્ય નથી.નફરતના રાજકારણને તિલાંજલી આપવાની જરુર છે.ચુંટણીમાં વિજય-પરાજયની અગત્યતા નથી.હતાશા કે નિરાશાના આવા પરિણામો ન હોઈ શકે.સત્તામાં રહેલા તમામે સંયમથી વર્તવાની જરુર છે.અચ્છે દિન ક્યાં છે .આંકડાની હેરાફેરી થી મોંઘવારી ઘટતી નથી.આવું ક્યાં સુધી ચાલશે.

પિતાના મૃત્યુ બાદ મુહમંદ સરતાજને ટી.વી વાળાએ પુછેલા સવાલમાં તેણે કહ્યું કે બધા રાજનેતાઓ દોષિત નથી, કેટલાક ગુનાઈત માનસ ધરાવનારા છે.મોટાભાગના તો આવું વિચારી ના શકે.મૃતકનો પુત્ર હવાઈ દળમાં છે.પિતાને ખાય બાદ એ બોલી શકે છે ‘‘સારે જહાંસે અચ્છા હિદુસ્તાન હમારા ‘‘ ધર્મ વેર રાખવા કહેતો જ નથી.ધર્મના નામે અધર્મ ન થાય.પિતાને ગુમાવ્યા,ભાઈ વિકલાંગ બન્યો, પોતે પણ ગંભીર ઘાયલ થયો છતાં આવા ઉચ્ચ વિચારો ખરેખર પ્રસંશનીય છે.હવે ૬૦ મિનિટના તાંડવમાં ૧૫૦ વર્ષથી રહેતો પરિવાર વિસ્તાર છોડીને જઈ રહ્યો છે.તે અન્યત્ર રહેશે. હવે શું ? ક્યારે અટકશે આ ધર્મના નામે ચાલતું રાજકારણ.ભારતીય જનતા પાર્ટી સત્તા પર આવ્યા બાદ બેફામ બનેલા તેમના સહયોગીઓને નાથવાનું કામ વડાપ્રધાને કરવાનું છે.

(સૌ. સંદેશ)

# ગાયનું પુંછડુ પકડીને સૌ રાજકીય પક્ષોને ચુંટણીની વેતરણી પાર કરવી છે

ગાય પ્રત્યેની હિંદુઓની શ્રધ્ધા અતુટ છે.ગાયમાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે.પરંતુ આજે રાજકીય આખલાઓને તેમાં ૯૦ કરોડ મત દેખાય છે.ગાયનું પુંછડું પકડીને સૌ રાજકીય પક્ષોને ચુંટણીની વેતરણી પાર કરવી છે.એટલે ગૌમાંસના મુદ્દે પક્ષો પાણીને બદલે યથા શક્તિ પેટ્રોલ છાંટી રહ્યા છે.બિહારમાં ચુંટણી હોવાથી ગૌમાંસ ખાનારા અને નહીં ખાનારા સૌ મત માટે ચરવા નીકળ્યા છે.જેમા ગાયનું ઘાસ ચરી જનારા પણ છે.

લોકસભાની ચુંટણી સમયે પણ એક પીંક રીવોલ્યુએશનનો મુદો ચગ્યો હતો.આપણા નેતાઓ સાચુ જાણે છે છતાં ગાયનું જે થવાનું હોય તે થાય પણ તેમનુ તરભાણુ ભરો તેવો તકવાદી તાવ બધાજ પક્ષોને આવે છે.આ વખતે મંદિર-મસ્જીદ મુદ્દાના બહુ ભાવ આવે તેમ નથી એટલે ચુંટણી માર્કેટમાં તેની બોલબાલા નથી.અને ગાય પક્ષોના હડફટે ચઢી ગઈ છે..આપણે ત્યાં હિંદુ,મુસ્લીમ,શીખ, ઈસાઈ,દલિત,આદિવાસી,ઓબીસી કે સવર્ણો છે,બધાજ માણસો નહી પણ બિચારા મતદારો છે.

આપણે ત્યાં પાણી લોકોપયોગી હોવાથી નદીને લોકમાતા તરીકે,હવાને વાયુદેવ તરીકે, પાણીને જળદેવ તરીકે, ખોરાકને અન્નદેવ તરીકે પુજવામાં આવે છે.એ રીતે ગાય પણ પૌરાણિક કાળમાં અર્થતંત્રની કરોડરજ્જુ હોવાથી માતા તરીકે પુજાય છે.પહેલા ગાયનું દુધ આહાર માટે, છાણ ખેતી માટે,મળ-મુત્ર દવા માટે અને તેના સંતાન બળદ ખેતી માટે મહત્વના હતા.એટલે તેને કામધેનુ કહેવામાં આવતી હતી.એટલે ગાય




ગોપલક કૃષ્ણ સૌની શ્રધ્ધાનું કેન્દ્ર હતા.આજે તો ગાયના નામે ચરી ખાનારા કોઈ ગાય પાળતા નથી.ગાયના નામે બકવાસ કરતા ઘણા બધા તો એવા છે કે તેમને ત્યાં ગાય નસીબમાં ખાવાનું તો દુર રહ્યું, પણ એઠવાડ પણ હોતો નથી.ખેતીની પેઠે પશુપાલનમાં પણ પોષાય તેવું રહ્યું નથી.એટલે ગોપાલકોની સાથે ગાયોએ પણ શહેરોમાં સ્થળાંતર કર્યું છે. ગામડાઓમાં ગાયો માટે ગૌચર ખાસ હતા. પરંતુ રાજકીય માફિયાઓની બુરી નજરથી બચી શક્યા નથી.બળદનું સ્થાન ટેકટ્રરોએ લીધું છે. ગાયના બદલે ભેસનું ચલણ વધ્યું છે.દુધવાળા ગાય કરતાં ભેંસના દુધના ફેટના આધારે વધુ ભાવ આપે છે.દુધ ન આપતી વસુકી ગયેલ ગાયો પાળવાનું કોઈને પોષાતું નથી.પાંજરાપોળોની સ્થિતિ કપરી બનતી જાય છે.એટલે ગાયના નામે રાજકીય આખલાઓ ચરી ખાય છે.અને ગાયના નસીબમાં શહેરમાં પ્લાસ્ટીકની કોથળીઓ અને જે છાપાઓમાં ગૌમાંસનો વિવાદ છપાય છે તેના કાગળના ડુચા જ બચ્યા છે.આમ ગાય પ્રત્યેની શ્રધ્ધા અને ભકિતને સલામ કરવા જેવી છે.પણ તેના પ્રત્યે કર્તવ્ય સરકારો એ પ્રજા સહુ કોઈ ભુલ્યા છે.દેશના ૨૪ રાજ્યોમાં ગૌહત્યા પર પ્રતિબંધ છે.જયાં કાશ્મીર કે જયાં ગૌમાંસની હમણાં જાહેરમાં એક ધારાસભ્યે મિજબાની કરીને ગૌમાંસના નામે એક માનવીની હત્યા થઈને યુ.પી.માં અને હાલમાં ચુંટણી છે તે બિહારમાં પણ આ કાયદો છે.પણ તેનો અમલ ગુજરાતમાં દારુબંધીના કાયદા જેવો થાય છે.દેશમાં ગીર,કાંકરેજ, શાહીબાલ,રાઠી અને થરપાકર એમ પાંચ ગાયોની મુખ્ય જાતો છે.પાંચની દશા આજે દેશમાં દયાજનક છે.ગુજરાતની સુપ્રસિધ્ધ ગીર ગાય દેશ કરતાં બ્રાઝિલમાં વધુ છે.૧૮૯૦માં બ્રાઝિલ

અનું. પાન નં ૨ ઉપર ચાલુ


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવા પાણ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.